જન્મભૂમિ પ્રવાસી

03-02-13

મુંબઈ, રવિવાર, તા. ૩

કન્સલ્ટિંગ રૂમ

કુદરતી ઈચ્છાઓને દબાવી દેવાનું હિમાયતી નથી પરંતુ આ પ્રકારના ઉપાયો કુદરતનો ક્રમ ખોરવાયો હોવાના સૂચક છે.

અગ્નિ તત્ત્વ પ્રદૂષિત કરી શકાતું નથી. જો કે માનવ શરીરમાં વયોવૃદ્ધિને લીધે એનું દમન થાય છે. દૃષ્ટિક્ષીણતા, પાચનક્રિયાની શિથિલતા, શારીરિક શક્તિમાં ઘટાડો વગેરે પ્રકારે એ સ્પષ્ટ થાય છે. યોગ અને સનાતન ક્રિયાના અભ્યાસથી સાધક માટે અગ્નિ તત્વને સર્વોચ્ચ સ્તરે જાળવી રાખવું શક્ય છે અને એ રીતે એ વયોવૃદ્ધિની અસર ધીમી કરે છે. વાયુતત્વ હૃદય અને ફેફસાંની યોગ્ય કામગીરી માટે અને એ રીતે શ્વસનસંબંધી અને રૂધિરાભિસરણ ક્રિયા માટે જવાબદાર છે. પ્રદૂષિત વાયુ તત્વ આ રીતે હૃદયવિકાર અને પાર્કિન્સન્સ તથાં અલ્ઝાઈમર જેવા વિકાર માટે નિમિત્ત બને છે. જ્યારે આકાશ તત્વની અશુદ્ધિ થાઈરોઈડ અને પેરાથાઈરોઇડ ગ્રંથિ તથા શ્રવણ ક્ષમતાની નિર્બળતા સાથે સંકળાયેલી છે.

હવનમાં એટલી શક્તિ રહેલી છે કે એ માનવશરીરમાં રહેલી આ બધી અશુદ્ધિ દૂર કરી શકે છે. જો કે એ અસરકારક નીવડે એ માટે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. હવન માટેની સામગ્રી, સમીધ (લાકડું-ચંદન અથવા આમ્રવૃક્ષનું) અને ઘૃત (ઉત્કૃષ્ટ ગુણવત્તા ધરાવતું ગાયનું ઘી) વિશુદ્ધ હોવા જરૂરી છે. હવનમાં

# લીલાવતી હૉસ્પિટલમાં ઈન્ટરવેન્શનલ નેફ્રોલોજી વિભાગ શરૂ કરાયો

મુંબઈ, તા. ૨ : લીલાવતી હૉસ્પિટલ દ્વારા મુંબઈ નેફ્રોલોજી ગ્રુપના સહયોગથી ઈન્ટરવેન્શનલ નેફ્રોલોજી વિશે એક વર્કશોપનું આયોજન કરાયું હતું. હિન્દુજા, બ્રીચકેન્ડી, નાણાવટી, કે.ઈ.એમ. હોસ્પિટલ સહિત સમગ્ર દેશમાંથી એંસીથી વધુ ડોક્ટરોએ તેમાં હાજરી આપી હતી. ડાયાલિસિસના કેસની સંખ્યા દર વર્ષે દસ ટકાના દરે વધી રહી છે જે ચેતવણીજનક છે. કિડનીના રોગ વિશે લોકો ખૂબ ઓછી જાણકારી ધરાવે છે. લીલાવતી હૉસ્પિટલે કિડનીના રોગથી પીડાતા દરદીઓને ઉત્તમ સારવાર મળી રહે તે માટે ખાસ ઈન્ટરવેન્શનલ નેફ્રોલોજી વિભાગ શરૂ કર્યો છે. લીલાવતી હૉસ્પિટલના ડૉ. હેમંત મહેતા



લીલાવતી હૉસ્પિટલમાં કાયમી હેમોડાયાલિસિસ કેથેટર ઈન્સર્શન ઓપરેશન કરતા ડૉ. હેમંત મહેતા

(નેફ્રોલોજીસ્ટ)એ વર્કશોપમાં ઉપસ્થિત ડૉક્ટરોના લાભાર્થે બધા સમક્ષ કાયમી હેમોડાયાલિસિસ કેથેટર ઈન્સર્શન ઓપરેશન કરી બતાવ્યું હતું. ડૉ. મહેતા અમેરિકન સોસાયટી ફોર ડાયગ્નોસ્ટિક એન્ડ ઈન્ટરવેન્શનલ નેફ્રોલોજીના સભ્ય છે અને સોસાયટીની ન્યૂ ઓલીયન્સ, યુએસએ ખાતે છેલ્લે મળેલી વાર્ષિક બેઠકમાં તેમણે હાજરી આપી હતી. આ બેઠકમાં તેમણે લીલાવતી હૉસ્પિટલમાં કરેલા સંશોધનાત્મક કાર્યનું પ્રેઝન્ટેશન કરાયું હતું. ગયા વર્ષની બેઠકમાં પ્રેઝન્ટેશન કરનારાઓમાં તેઓ એકમાત્ર ભારતીય હતા. મુંબઈ નેફ્રોલોજી ગ્રુપના સેક્રેટરી ડૉ. અલાન અલ્મીગે પણ પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું.